આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **18-06-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## PM : વારાણસસી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસીમાં કિસાન સન્માન નિધિના 17મા હપ્તામાં લગભગ નવ કરોડ 26 લાખ લાભાર્થી ખેડૂતોના ખાતામાં સીધા રૂપિયા 20 હજાર કરોડ રૂપિયા જમા કરાવ્યા. અત્યાર સુધી 11 કરોડથી વધુ ખેડૂત પરિવારોએ પ્રધાનમંત્રી કિસાન યોજના અંતર્ગત ત્રણ લાખ ચાર હજાર કરોડ રુપિયાથી વધુનો લાભ પ્રાપ્ત કર્યો છે. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ કૃષિ સખી તરીકે સ્વ-સહાય જૂથોની ત્રીસ હજારથી વધુ મહિલાઓને પ્રમાણપત્ર પણ એનાયત કર્યા. પ્રમાણપત્ર વિતરણનો આ કાર્યક્રમ “લખપતિ દીદી” કાર્યક્રમના ઉદ્દેશને અનુરૂપ છે.

પ્રધાનમંત્રી શ્રી મોદી સાંજે કાશી વિશ્વનાથ મંદિરમાં પૂજા અને દર્શન કરતા પહેલા પ્રધાનમંત્રી દશાશ્વમેધ ઘાટમાં ગંગા આરતી કરશે. આજે રાત્રે વારાણસીમાં જ રાત્રિ રોકાણ કર્યા બાદ તેઓ આવતીકાલે

બિહાર માટે રવાના થશે. સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી બન્યા પછી શ્રી નરેન્દ્ર મોદીનો આ પહેલો વારાણસી પ્રવાસ છે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------

## આરોગ્યમંત્રી : રાજ્યકક્ષાનો રસીકરણ કાર્યક્રમ

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગર ખાતેથી ટિટેનસ અને ડિપ્થેરીયા અને DPT ત્રિગુણી રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

રસીકરણનો પ્રારંભ કરાવતા તેમણે ધનૂર અને ડિપ્થેરીયા ઉપરાંત ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ઓરી, રૂબેલા, ન્યુમોનિયા અને મગજના તાવ જેવા ઘાતક રોગો સામે પ્રતિરોધક આ રસીનો રાજ્યના મહત્તમ બાળકોને લાભ લેવા અનુરોધ કર્યો હતો.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------

## યોગ દિવસ ઉજવણી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી ૨૧મી જૂને યોજાનારા ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યમાં ઉજવણીના આયોજનને ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આખરી ઓપ આપ્યો હતો. ગુજરાતમાં આ વર્ષના આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો મુખ્ય

કાર્યક્રમ બનાસકાંઠાના સરહદી ગામ અને સીમાદર્શન માટે સુપ્રસિદ્ધ નડાબેટ ખાતે યોજાવાનો છે. રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને બોર્ડર સિક્યોરિટી ફોર્સ – BSFના સહયોગથી આ રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં અંદાજે સવા કરોડ લોકોની સહભાગીતાથી આ યોગ દિવસને ભવ્ય સફળતા અપાવવાના આયોજનની તલસ્પર્શી સમીક્ષા કરી હતી. રમત-ગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવી, યોગ બોર્ડના અધ્યક્ષ શીશપાલ તથા મુખ્ય સચિવ રાજકુમાર અને રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો આ બેઠકમાં જોડાયા હતા.

21 જૂને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સવારે ૬:૩૦ કલાકે તેમજ વડાપ્રધાન  નરેન્દ્ર મોદી સવારે ૬:૪૦ કલાકે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં પ્રેરક સંબોધન કરશે અને તેનું સમગ્ર રાજ્યમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે.

માહિતી ખાતુ

---

## ICC T20

I.C.C. T-20 ક્રિકેટ વિશ્વકપ માટે સુપર એઈટની ટીમો નક્કી થઈ ગઈ છે. નેપાળને હરાવી બાંગ્લાદેશ આ તબક્કામાં પસંદગી પામનારી અંતિમ ટીમ બની ગઈ છે. સુપર એઈટની મેચો આવતીકાલથી 25 જૂન દરમિયાન રમાશે.

**RNU અમદાવાદ**

---

## બાળસાહિત્યકાર પુરસ્કાર (કચ્છ) ગાંધીધામ

કેન્દ્રીય સાહિત્ય એકાદમી દ્વારા વિવિધ 24 ભાષાના સાહિત્ય સર્જનના પુરસ્કાર જાહેર કરવામાં આવ્યા. જેમાં ગાંધીધામના વતની અને દિનદયાળ પોર્ટ ઓથોરિટીના નિવૃત્ત સિંધી સાક્ષરના બાળવાર્તા સંગ્રહ દોસ્તનજી દોસ્તી બદલ લાલ હોતચંદાનીને બાળ સાહિત્યકાર પુરસ્કાર એનાયત કરાયો છે.

**N.P. જાગૃતિ વકીલ**

---

## પ્રાકૃતિક ખેતી તાલીમ : કચ્છ

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને વધારેમાં વધારે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે છેલ્લા ચાર વર્ષથી રાજય સરકાર દ્વારા રાજયપાલશ્રીના માર્ગદર્શન હેઠળ ઝૂંબેશના રૂપમાં કામગીરી ચાલી રહી છે. જે અંતર્ગત તાજેતરમાં ખેડૂત તાલીમ કેન્દ્ર, ભુજ તેમજ FPO- BARB KUTCH SPNF PRODUCER CO. LTD, કુંભારડી, તા. ભચાઉ ખાતે તમામ તાલુકાના માસ્ટર ટ્રેનરની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આમ, ખેતીવાડી, બાગાયત તેમજ સંલગ્ન અન્ય ખાતાની જિલ્લા કક્ષાની તમામ કચેરીઓ દ્વારા કચ્છ જિલ્લાના વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે અને રાસાયણિક ખેતીથી થતા નુકસાનથી આવનારી પેઢી બચે તે માટે ઝુંબેશ રૂપે કામગીરી હાથ ધરવામાં આવેલી છે. તેવું પ્રોજેકટ ડાયરેકટર- આત્મા,કચ્છની અખબારી યાદીમાં જણાવાયું છે.

માહિતી ખાતુ

--------------------------------------------------------------------

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 જૂનનાં રોજ આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાની અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------